પોલીસને સફળતા | અન્ય રાજયોના વ્યક્તિને છેતરી તેમની પાસેથી મળેલા નાણાં ઓનલાઇન જમા લઇ મળતીયાના બેન્ક ખાતામાં ટ્રાન્સફર કરી દેતાં હતાં

ખેડા જિલ્લામાં 13.56 કરોડની ગોલમાલ કરવા જતી ટોળી ઝબ્બે

સાયબર ફ્રોડ કરવા બેન્ક એકાઉન્ટ ભાડે આપનાર અને લેનાર શખસો પકડાયાં

(પ્રતિનિધિ) નડિયાદ, તા.14

નડિયાદ સાયબર ક્રાઇમ પોલીસે રૂપિયા 13 કરોડ 56 લાખ થી વધુ રકમની સાયબર ફ્રોડ કરવા તેના નાણાંની આપ-લે કરવા બેંક એકાઉન્ટ ભાડે આપનાર તેમજ બેન્ક એકાઉન્ટ ભાડે રાખનાર ટોળકીના પાંચ આરોપીઓને ઝડપી પાડવામાં સફળતા મેળવેલ છે. આ આરોપીઓના રિમાન્ડ મેળવી સાયબર ક્રાઇમ પોલીસે વધુ પૂછપરછ હાથ ધરવામાં આવી છે.

ખેડા જીલ્લાના નાગરીકો સાથે થતા સાબયર ફોડના ગુનાઓ બનતા અટકાવવા સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન નડીઆદ દ્વારા જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેના ભાગે રૂપે મહેમદાવાદ ખાત્રજ ચોકડી પાસે આવેલી સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયામાં એક શંકાસ્પદ એકાઉન્ટ મળી આવેલ હતી. જે બેન્ક ખાતાની તપાસ કરતા તેમાં ભારતના અલગ અલગ રાજયોમાં સાયબર ફ્રોડનો ભોગ બનેલા લોકો પાસેથી ગુનાહિત કાવતરાના ભાગે રૂપે છેતરપીડી કરી કોઈપણ રીતે સાયબર ફોડના નાણાં ઓનલાઈન કુલ રૂ.13.56 કરોડ જમા કરી-કરાવડાવી આગળ તેમના મળતીયા બેન્ક ખાતાઓમાં ઓનલાઈન ટ્રાન્સફર કરી મોકલી આપ્યા હોવાની હકીકત મળી હતી. જેથી સાયબર ક્રાઇમ પોલીસ નડીઆદએ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

જેમાં વાંધાજનક સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ખાત્રજ બ્રાન્ચ એક્ટીવ મુલે બેન્ક એકાઉન્ટમાં સંડોવાયેલ વ્યક્તિઓની તપાસ કરતા સ્થાનિક તથા સુરતના રહીશોની સડોવણી મળી આવી હતી જે બાબતે ઉંડાણપુર્વક તપાસ કરતા આરોપીઓએ ગુનાહિત કાવતરાના ભાગરૂપે છેતરપીડી કરવાના ઇરાદે ખોટી બનાવટી ભાગીદાર પેઢી ઉભી કરી, તેમાં ખોટા નામની પેઢીની ઓળખ ધારણ કરી, તેમજ ભૌતિક હકીકતને ખોટી રીતે ઉદ્યમ રજીસ્ટ્રેશન મેળવી, આ સર્ટીફિકેટનો ખરા તરીકે ઉપયોગ કરી બેન્કમાં જમા કરાવી, બનાવટી ભાગીદારી પેઢીના નામે બોગસ બેન્ક એકાઉન્ટ ખોલાવતા હતા.આ સાયબર ફ્રોડમાં લોકોના ગયેલ રૂપીયાની આપ-લે કરાવવા આ બેન્ક ખાતુ ઓપન કરાવી, ઈન્ટરનેટ બેન્કીંગ શરૂ કરાવી તેનું ઓનલાઈન બેન્કીંગ એક્સેસ અન્ય વ્યક્તિઓને આગળ આપી કમીશન પેટે મોટી રકમ કેશથી મેળવતા હતા. જે સંબંધે પાંચ આરોપીઓને શોધી કાઢી અટક કરી હતી.

આ આરોપીઓ જેમાં ગિરિશભાઈ બાલુભાઈ ચૌહાણ (રહે. સુંઢા વણસોલ તા.મહેમદાવાદ), પિયુષભાઈ ભગુભાઈ પટેલ (રહે. અકલાચા, તા. મહેમદાવાદ), નિતેષભાઈ અજીતભાઈ ચૌહાણ (રહે. સુંઢા વણસોલ, તા. મહેમદાવાદ), જીગ્નેશ વલ્લભભાઈ મારકણા (પટેલ) (રહે. વિજયનગર સોસાયટી-૨ યોગીચોક પુણા ગામ સુરત શહેર) તેમજ ચવલ શંકરલાલ સાધુ (રહે. સુમનકાવ્યા, રાહુલ રાજ મોલની પાછળ પીપલોદ વિસ્તાર સુરત) ને ઝડપી પાડવામાં આવ્યા હતા. આ આરોપીઓના રિમાન્ડ મેળવી સાયબર ક્રાઇમ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

આણંદના પણ કેસ બહાર આવે તેવી શક્યતા

નડિયાદ સાયબર ક્રાઇમ બ્રાંચે બેન્ક એકાઉન્ટ ભાડે લઇને સાયબર ક્રાઇમના રૂપિયા સગેવગે કરવાનું કૌભાંડ પકડી પાડ્યું છે. આ કિસ્સામાં હાલ ખેડા જિલ્લાના શખસો પકડાયાં છે. જેમના રિમાન્ડ સહિતની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જોકે, આણંદ જિલ્લામાં પણ બેન્ક એકાઉન્ટ ભાડે રાખવા સહિતના કિસ્સા બહાર આવતા રહે છે. આ અંગે સાયબર ક્રાઇમ પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. નડિયાદ સાયબર ક્રાઇમ પોલીસે પકડેલી ટોળકીની પુછપરછમાં આણંદના પણ કેસ ખુલે તેવી શક્યતા જોવા મળી રહી છે.

ચારૂસેટના પૂર્વ વિદ્યાર્થીએ હેકાથોનનું આયોજન કર્યું

એશિયા બુક ઓફ રેકોર્ડ્સ અને ઇન્ડિયા બુક ઓફ રેકોર્ડ્સમાં સ્થાન મેળવ્યું

(પ્રતિનિધિ) આણંદ તા.14

ચાંગા સ્થિત ચારૂસેટ યુનિવર્સિટીના ભૂતપૂર્વ વિદ્યાર્થી શાર્દુલ દવેએ 24 કલાકની કોડિંગ ચેલેન્જ ઓડુ હેકાથોન 2025નું આયોજન કરી એશિયા બુક ઓફ રેકોર્ડ્સ અને ઇન્ડિયા બુક ઓફ રેકોર્ડ્સમાં સ્થાન મેળવી ચારુસેટનું ગૌરવ વધાર્યું છે.

આણંદના વતની અને હાલમાં ગાંધીનગરના ઓડુ ઇન્ડિયામાં આસિસ્ટન્ટ મેનેજર તરીકે સેવા આપી રહેલા ઈન્દુકાકા ઈપ્કોવાળા ઇન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ (આઈઆઈએમ)ના ભૂતપૂર્વ વિદ્યાર્થી (2014-2017 બેચ) શાર્દુલ હેમંતકુમાર દવેએ એશિયા બુક ઓફ રેકોર્ડ્સ અને ઇન્ડિયા બુક ઓફ રેકોર્ડ્સમાં સ્થાન મેળવ્યું છે. તેમણે 24 કલાકની કોડિંગ ચેલેન્જ ઓડુ હેકાથોન-2025નું આયોજન કરીને આ સિદ્ધિ હાંસલ કરી છે.

જેમાં મહત્તમ સંખ્યામાં સ્પર્ધકોએ ભાગ લીધો હતો અને તેના કારણે ટેક કોમ્યુનીટીમાં ઇતિહાસ રચાયો હતો. આ સિદ્ધિ માત્ર શાર્દુલના સમર્પણ નવીનતા અને નેતૃત્વને જ પ્રતિબિંબિત કરતી નથી. પરંતુ વૈશ્વિક ટેકનોલોજી ક્ષેત્રમાં ગુજરાતની વધતી જતી પ્રાધાન્યતા પણ દર્શાવે છે. આ સાથે ભારત ફરી એકવાર આંતરરાષ્ટ્રીય મંચ પર ચમક્યું છે અને સમગ્ર ચારુસેટને ગૌરવ અપાવ્યું છે.

બાલાસિનોરનું ઘુવેડિયા તળાવ ભરાતાં ખેડૂતોમાં આનંદ ફેલાયો

બાલાસિનોર તાલુકાના ઘુવેડિયા ગામમાં 999 વિઘા તળાવ તાજેતરમાં પડેલા વરસાદમાં છલોછલ ભરાતાં આસપાસના ગામના ખેડૂતોમાં આનંદની લાગણી જન્મી છે. આ તળાવ 56ના દુષ્કાળમાં બનાવવામાં આવ્યું હતું. જેના પાણીનો ઉપયોગ ખેડૂતો કરી રહ્યાં છે. આ ઉપરાંત તળાવમાં પાણી ભરાતાં નજીકના ગામોના કુવા પણ રિચાર્જ થશે. બાલાસિનોરનું ઘુવેડિયા તળાવ 999 વિઘામાં પથરાયેલું છે. જે તાલુકાનું સૌથી મોટુ તળાવ છે. આ તળાવ 56 નો દુકાળ પડ્યો ત્યારે નાની સિંચાઈ દ્વારા પાળ બાંધી બેટને ગામ અને પાળથી જોડી પાણીનો સંગ્રહ કરવામાં આવતો હતો. આ પાણીનો લાભ બાલાસિનોરના નજીકના ગામોમાં સિંચાઈ માટે લેવામાં આવે છે. આ ઉપરાંત કુવાઓ રિચાર્જ થાય અને ખેતી માટે ઉપયોગી બને તે માટે ઓવરફ્લો થયેલું પાણી નદીનો વેણની જેમ કોતરોમાં રહી મેઘલીયા, સરોડા, ડખરીયા, ગઘાવાડા, સલિયાવડી, રામાના મુવાડા, પીલોદરા, રાજપુર, હાંડિયા જેવા ગામોના ખેડૂતો માટે લાભદાય બન્યું છે. ઘુવેડિયા તળાવનું પાણી શેઢી નદીમાં ભેગું મળી ડાકોર પહોંચે છે.

તસવીરઃ ધર્મિષ્ઠાબેન કે. ઝાલા

મહીસાગરઃશ્રમિકોનીમાહિતી પોલીસને આપવી ફરજિયાત

(પ્રતિનિધિ) લુણાવાડા, તા.14

મહીસાગર જીલ્લામાં નવા બંધાતા મકાનોમાં તેમજ નગરપાલિકા, ગ્રામ પંચાયત વિસ્તારમાં મજુરી કામ અને ટેલિફોન કંપની દ્વારા ખોદાતા ખાડાઓનું મજુરી કામ મેળવી તેમજ અન્ય મજુરી કામ કરવા બહાના હેઠળ કેટલાક ઈસમો રોકાણ કરી પરિસ્થિતિનો સર્વે કરી માહિતગાર થઇ મિલકત વિરૂધ્ધના ગુન્હાઓ આચરતા હોય છે. જે દેશની આંતરિક સુરક્ષા માટે અયોગ્ય અને અનિચ્છનિય છે.

જેથી સરકાર કક્ષાએથી પણ રોજગારી આપતી સંસ્થા, એકમ, સંસ્થાઓમાં શ્રમિકો, કામદારોને રોજગારી આપતી વખતે તેઓનો પુર્વ ઈતિહાસ, નાગરિકતા અને ઓળખ અંગે વેરીફીકેશન, ચકાસણી કરવા માટે જરૂરી કાર્યવાહી કરવા સુચના થઈ આવેલ છે. જેમાં દેશની સાંપ્રત પરિસ્થિતિને જોતા પરપ્રાંતિય, દેશની બહારના અસામાજીક પ્રવૃતિ ધરાવતા ઈસમો જીલ્લામાં કામના બહાને આશરો મેળવે અને જીલ્લાની શાંતિ અને સલામતિનું વાતાવરણ બગાડે તે શક્યતા નકારી શકાય નહી. જેથી મહીસાગર જીલ્લામાં લેબર કોન્ટ્રાક્ટર, મુકાદમ, રોજગારી આપતી સંસ્થાઓ તથા એકમોએ જે શ્રમિકો, કામદારોને પોતાની પાસે કામ માટે રાખેલા હોય અને કામકાજ માટે સપ્લાય કરતા હોય તેઓની તમામ વિગતો (પુર્વઈતિહાસ, નાગરિકતા, ઓળખ) અંગે સ્થાનિક પોલીસ સ્ટેશનોને દિન-૭માં જાણ કરવા માટે મહીસાગર અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ સી.વી.લટા દ્વારા જાહેરનામું બહાર પાડ્યું છે.

આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

ચરોતર - પંચમદા લાયન્સ ક્લબ દ્વારા આશવ પટેલને 'શ્રેષ્ઠ શિક્ષક' તરીકે સન્માન કરાયું

આણંદ | ચરોતર - પંચમદા લાયન્સ ક્લબ (આણંદ, ખેડા, પંચમહાલ, મહિસાગર, દાહોદ જિલ્લા) દ્વારા ભાદરવી પૂનમના પવિત્ર દિવસે - 'શિક્ષક દિવસ' નિમિત્તે લાયન્સ ક્લબ, ચરોતર - પંચમદા (આણંદ-ખેડા- પંચમહાલ- મહીસાગર- દાહોદ જિલ્લા) દ્વારા સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ ડો. નિરંજન પટેલ તેમજ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટના મંત્રી ડો. બી.એન.પટેલ તેમજ લાયન્સ ક્લબના પદાધિકારીના હસ્તે ડો. આશવ પટેલને 'શ્રેષ્ઠ શિક્ષક' તરીકે તેમજ શિક્ષા, યુવા સશક્તિકરણ તેમજ રાષ્ટ્ર નિર્માણ ક્ષેત્રે વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ યોગદાન બદલ સન્માનિત કરવામાં આવ્યાં હતાં.

વિદ્યાનગરની બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયના બે કેડેટ્સ એઆઈટીએસસી કેમ્પમાં પસંદ થયાં

આણંદ | બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયના મિકેનિકલ એન્જિનિયરીંગના દ્વિતિય વર્ષના વિદ્યાર્થી એલસીપીએલ પ્રિન્સ પ્રસાદ અને સીપીએલ વેદ પટેલને પ્રતિષ્ઠિત ઓલ ઇન્ડિયા થલ સૈનિક કેમ્પ માટે પસંદગી મળી છે. આ કેમ્પ ડિરેક્ટર જનરલ - એનસીસી (ડીજી એનસીસી) દિલ્હી ખાતે યોજાયો હતો. આ બંને કેડેટ્સ 38 ગુજ બીએન એનસીસી દ્વારા ગુજરાત ડિરેક્ટોરેટનું પ્રતિનિધિત્વ કરશે. એલસીપીએલ પ્રિન્સ પ્રસાદ પોતાની કુશળતા હેલ્થ એન્ડ હાઈજીન, લાઇન એરિયા અને ટેન્ટ પિચિંગમાં રજૂ કરશે. સીપીએલ વેદ પટેલ કૌશલ્ય ક્ષમતાનું પ્રદર્શન જગિંગ ડિસ્ટન્સ એન્ડ ફિલ્ડ સિગ્નલ્સ, લાઇન એરિયા અને ટેન્ટ પિચિંગમાં કરશે. દેશભરના કુલ 17 ડિરેક્ટોરેટ્સમાંથી પસંદ થયેલા કેડેટ્સ સાથે તેઓ સ્પર્ધા કરશે. સિદ્ધિ બદલ કમાન્ડિંગ ઓફિસર કર્નલ અખિલ, પ્રિન્સિપાલ ડો. વિનય પટેલે અભિનંદન પાઠવ્યાં હતાં.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

સરદાર પટેલ યુનિવર્સિટીમાં રેગિંગ વિરોધી જાગૃતિ સપ્તાહની ઉજવણી કરવામાં આવી

આણંદ | વિદ્યાનગર સ્થિત સરદાર પટેલ યુનિવર્સિટીના અનુસ્નાતક કાયદાશાસ્ત્ર વિભાગ દ્વારા કુલપતિ પ્રો. ડો. નિરંજન પટેલના માર્ગદર્શન હેઠળ યુનિવર્સિટીમાં 'Say No to Ragging' વિષય પર જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ યુજીસીની માર્ગદર્શિકા દ્વારા જાહેર કરેલા રેગિંગ વિરોધી સપ્તાહ ઉજવણીના ભાગરૂપે યોજાયો હતો. આ કાર્યક્રમ માં કુલપતિએ રેગિંગ ફ્રી કેમ્પસનો સરદાર પટેલ યુનિવર્સિટીનો ઇતિહાસ જાળવી રાખવાં માટે વિદ્યાર્થીઓને પ્રેરિત કર્યા હતા. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે નિવેદિતા ફાઉન્ડેશનના અધ્યક્ષા નિપા પટેલએ હાજરી આપી હતી. યુજીસીના રેગિંગ વિરોધી વિષયના કાયદા પર પ્રો. દ્વિતી વ્યાસ એ વિદ્યાર્થીઓને અવગત કરાવ્યા હતા. આ કાર્યક્રમનું સંકલન પ્રો. દ્વિતી વ્યાસ તથા પ્રો. ડો.સ્નેહા મરાઠે દ્વારા કરવામાં આવ્યુ હતું.

નડિયાદના સમસ્ત મુસ્લિમ વિકાસ ફાઉન્ડેશનએ જિલ્લા પોલીસ વડાની શુભેચ્છા મુલાકાત લીધી

નડિયાદ | નડિયાદ શહેરના સમસ્ત મુસ્લિમ વિકાસ ફાઉન્ડેશન દ્વારા ખેડા જિલ્લા પોલીસ વડા વિજયભાઇ પટેલની શુભેચ્છા મુલાકાત લેવામાં આવી હતી. આ પ્રસંગે ફાઉન્ડેશનના અગ્રણીઓએ જિલ્લા પોલીસ અધિક્ષક તરીકે ખેડા જિલ્લાના લોકો સેવા, ન્યાય, સુરક્ષા, કોમી એખલાસ તથા ભાઇચારાની ભાવના અનુભવશે. તેવી આશા વ્યક્ત કરી હતી.

બેન્ક ઓફ ઇન્ડિયાના કિશોર સોનારાને ONGC ઓજસ્વી એવોર્ડ એનાયત કરાયો

આણંદ | આણંદની નગર રાજભાષા કાર્યાન્વયન સમિતિ તથા ઓએનજીસી ખંભાતના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા સમારંભમાં ઓએનજીસી પરિયોજનાના કાર્યપાલક નિદેશક સુબ્બારાજુના હસ્તે રાજભાષા હિંદી તથા સ્થાનિક ભાષાનાના પ્રચાર પ્રસારમાં ઉલ્લેખનીય યોગદાન આપવા બદલ દર વર્ષે અપાતો ઓએનજીસી ઓજસ્વી એવોર્ડ વર્ષ 2024-25 માટે બેંક ઓફ ઇન્ડિયા, વડોદરા ઝોનલ ઓફિસના મેનેજર કિશોર સોનારને એનાયત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે કેન્દ્ર સરકાર, ગૃહ મંત્રાલય, મુંબઈના ડેપ્યુટી ડાયરેક્ટર રાજેન્દ્ર પ્રસાદ વર્મા કાર્યક્રમના મુખ્ય મહેમાન હતા. સમારંભમાં યુનિયન બેંક ઓફ ઇન્ડિયા, આણંદના ક્ષેત્રીય પ્રમુખ ઋચા જાજોરિયા, બેંક ઓફ બરોડાના આણંદ જિલ્લાના લીડ બેંક મેનેજર ડો. જગદીશ પાટીલ, નરાકાસ, આણંદના સંયોજક અનુરાગ આનંદ તથા અન્ય ગણમાન્ય અતિથિઓ ઉપસ્થિત રહ્યા હતા.

મોગરીની ક.મ. પટેલ બાલશાળાના 2 શિક્ષિકાનું રોટરી ક્લબ દ્વારા સન્માન કરાયું

આણંદ | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત ક. મ .પટેલ બાલશાળા, મોગરીના શિક્ષિક જિગીષાબેન પટેલ અને શિશુવિહારના શિક્ષિકાબેન પારેખને તેમના ઉત્કૃષ્ટ શૈક્ષણિક કાર્ય બદલ રોટરી ક્લબ દ્વારા વર્ષ-2025-2026 માટેનો OUTSTANDING EDUCATOR AWARD આપી સર્ટિફિકેટથી સન્માનિત કરવામાં આવ્યા હતાં. જે બદલ ચરોતર એજ્યુકેશન સોસાયટીના મંત્રી, કેમ્પસ ડાયરેક્ટર અને શાળા પરિવાર તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

વીરપુરના ડેભારી હાઈસ્કૂલના શિક્ષકને શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ આપવામાં આવ્યો

વીરપુર | વીરપુર તાલુકાના ડેભારી ગામની સરસ્વતી હાઇસ્કૂલના શિક્ષક અરવિંદભાઈ પટેલને શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. લુણાવાડા ખાતે બાવન પાટીદાર સમાજ ઘરમાં યોજાયેલા ભવ્ય પારિતોષિક વિતરણ સમારોહમાં મહાનુભાવોના હસ્તે ડેભારી ગામની સરસ્વતી હાઇસ્કૂલના શિક્ષકને શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં જીલ્લામાથી શિક્ષણ જગતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં.

આણંદ પીએમ પટેલ કોલેજ કેમ્પસ વુમન સેલ દ્વારા માટી મોડેલ સ્પર્ધા કરાઇ

આણંદ | પી. એમ. પટેલ કોલેજ કેમ્પસ, આણંદના વુમન સેલ દ્વારા માટી મોડેલ મેકિંગ સ્પર્ધાનું આયોજન સંસ્થાના સેક્રેટરી અને રજીસ્ટ્રાર ડો. ઈશિતાબેન પી. પટેલના નેતૃત્વ અને માર્ગદર્શન સાથે કરવામાં આવ્યું હતું. વુમન સેલના હેડ પ્રા.દિપ્તીબેન મેકવાન અને પ્રા. જાનકીબેન પટેલના આયોજન સાથેની સ્પર્ધામાં ગર્લ્સ સ્ટુડન્ટ્સએ વિવિધ કલાકૃતિઓ બનાવી ઉત્સાહથી ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ટોચના ત્રણ ક્રમ માટે પાંચ સ્ટુડન્ટ્સની પસંદગી કરવી પડે તેવી રસપ્રદ હરીફાઈમાં પ્રથમ ક્રમે બીએડના ગાયત્રી રાઠવા, બીજા ક્રમે બીબીએના શિફા વોહરા અને નંદિની ખાંટ સન્માનીત થયા હતાં.

બાકરોલ સ્પેક એન્જી.ના વિદ્યાર્થીઓએ નેશનલ લેવલ હેકેથોન સ્પર્ધામાં ઝળક્યાં

આણંદ | તિરૂપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ (સ્પેક) સ્થિત સરદાર પટેલ કોલેજ ઓફ એન્જીનીયરીંગ એન્ડ ટેક્નોલોજી, બાકરોલના વિદ્યાર્થીઓએ ઓડો કંપની દ્વારા આયોજીત નેશનલ લેવલ હેકેથોન સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ કોલેજના આચાર્ય ડો. નાનક પમનાણી, આઇક્યુએસી કો-ઓર્ડીનેટર જય પટેલ અને સ્પર્ધા કો-ઓર્ડીનેટર ઋષિકેશ ચૌધરીના માર્ગદર્શન હેઠળ ભાગ લીધો હતો. આ સ્પર્ધાના પ્રથમ રાઉન્ડમાં 800 ટીમમાંથી અંતે માત્ર 10 ટીમ રહી હતી. જેમાં એન્જીનીયરીંગની ટીમની પસંદગી થઇ હતી. નેશનલ લેવલની સ્પર્ધાના ત્રીજા રાઉન્ડમાં સ્પેક એન્જી. ના કમ્પ્યુટર એન્જીનીયરીંગ અને ઇન્ફોર્મેશન ટેક્નોલોજીના સાતમા સેમિસ્ટરના પાંચ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

કપડવંજ કોલેજ બેડમિન્ટનમાં સતત પાંચમા વર્ષે વિજેતા બની

કપડવંજ | શાહ કે.એસ.આર્ટસ એન્ડ વી.એમ પારેખ કોમર્સ કોલેજ કપડવંજના વિદ્યાર્થીઓએ સરદાર પટેલ યુનિવર્સિટી સંલગ્ન કોલેજોની ઇન્ટર કોલેજ બેડમિન્ટન સ્પર્ધામાં સતત પાંચમા વર્ષે વિજેતા બની ઇન્ટર કોલેજ બેડમિન્ટન ટુર્નામેન્ટમાં ચેમ્પિયન રહેવાનો ઈતિહાસ રચ્યો છે. કેપ્ટન દિવ્ય પ્રજાપતિ, જીત ચાવડા, ગઢવી ધ્રુવ, વાળંદ જીમિત, માર્મિક શર્માએ ઉમદા પ્રદર્શન કરી કોલેજને ચેમ્પિયન બનાવવામાં પોતાનો અભૂતપૂર્વ ફાળો આપેલ છે. સિદ્ધિ બદલ આચાર્ય પ્રો.એ.બી.પંડા, ડો. એલ.પી.વણકર, અને તમામ સ્ટાફે તથા ડાયરેક્ટર પરેશ સોઢાએ તથા પ્રમુખ ડો. હરીશ કુંડલિયા તથા મંત્રીઓએ ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

કપડવંજના સીનીયર સીટીઝન મંડળ દ્વારા સૌરાષ્ટ્ર યાત્રા પ્રવાસનું આયોજન કરાયું

કપડવંજ | કપડવંજ સિનિયર મંડળ દ્વારા ચાર દિવસીય સૌરાષ્ટ્ર પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દ્વારકા બેટ, દ્વારકા નાગેશ્વર શિવરાજપુર બીચ સોમનાથ હરસિદ્ધ ભવાની ભાલકાતીર્થ જુનાગઢ માધોપુર બીચ સારંગપુર ગેલા સોમનાથ જેવા વિવિધ સ્થળોની મુલાકાત લીધી મોટી સંખ્યામાં સભ્યો ઉપસ્થિત રહી ખૂબ જ આનંદ માણ્યો હતો. જેમાં ઐતિહાસિક સ્થળો તેમજ ધાર્મિક સ્થળો સાથે હેરિટેજ સ્થળોની પણ મુલાકાત લીધી હતી. સિનિયર સિટીઝન મંડળના હોદ્દેદારોએ પ્રવાસની સફળતા માટે જહેમત ઉઠાવી સફળ બનાવ્યો હતો.